**મે.વડોદરાના ૧૫માં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

**ગુ.મુ.નં.83352/2024**

**GJVD020947492024**

**ફરિયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:– સુનીલ પાપ્પાચન કોટ્ટ્યડી**

**–::જજમેન્ટ::–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર આઈ.પી.સી.ની કલમ–૧૮૮ મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલા તેમને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરશીશ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે, તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહીં. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય પરિસ્થિતિ સમક્ષ નજર રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે જ રીતે, **નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S NATVARN HARKHACHANDJI THAKOR 2005(1) = G.L.P.709: 2005(1) GCD 749** માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું

ઉપરોકત ચુકાદામાં ઠરાવેલું છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આઈ.પી.સી.ની કલમ–૧૮૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક ગુનામાં આરોપીને **રૂ.૧૦૦/–**નો દંડની સજાનો હુકમ ફરામાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **દિન–૦૧** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૩/૨૦૨૫
વડોદરા.

(એસ.આર.આહુજા)
૧૫માં જયુડી.મેજી.ફ.ક.
વડોદરા. કોડ નં. ૦૧૭૪૨